Paper Code - 3525

B.A. Semester-III (Sociology)
July-September-2021

CC-304 : Rural Sociology (ગ્રામીણ સમાજશાસ્ત્ર)

કુલ સમય :– ૬૦ મીનીટ **કુલ પ્રશ્નો : ૫૦** **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫**

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

1 2011ની વસ્તીગણતરી અનુસાર ભારતમાં ગ્રામીણ સમુદાયમાં વસવાટ કરતી વસ્તીનું પ્રમાણ...?
(A) 50 % B) 31.16 % (C) 25 % (D) 68.84 %

2. જે વિસ્તારમાં વસવાટ કરતી વસ્તીની કદ અને ઘનતા ઓછી હોય અને મોટા ભાગની વસ્તી કૃષિ વ્યવસાય સાથે સંકળાયેલ હોય તેવા વિસ્તારને _____ કહેવાય.
(A) નગરીય (B) ગ્રામીણ (C) પશ્ચિમી (D) શહેરી

3. " ગ્રામીણ સમાજશાસ્ત્રનો મુખ્ય હેતુ ગ્રામીણ સમાજના સંગઠન,તેની રચના,કાર્ય તેમજ તેના વિકાસની પ્રક્રિયા તપાસવાનો છે." ...એવું જણાવનાર વિદ્વાન કોણ ?
(A) ડૉ. અક્ષયકુમાર દેસાઈ (B) કાર્લ માર્ક્સ (C) ડૉ.એસ.સી.દુબે (D) સોરોકીન

4. કોના મતે,-- " ગ્રામીણ સમાજશાસ્ત્ર ગ્રામીણ ક્ષેત્રોમાં વસવાટ કરતા માનવીઓના અભ્યાસ સાથે સંકળાયેલું છે."
(A) ડૉ. અક્ષયકુમાર દેસાઈ (B)કાર્લ માર્ક્સ (C) પ્રો.ચિતાંબર (D) સોરોકીન

5. ભારતમાં ગ્રામીણ સમાજશાસ્ત્રનો ઉદ્ભવ-વિકાસ _____ ની દેણગી છે.
(A) પશ્ચિમ (B) ઉત્તર (C) પૂર્વ (D) દક્ષિણ

6. સમાજશાસ્ત્રની એક વિશિષ્ટ શાખા તરીકે ગ્રામીણ સમાજશાસ્ત્રનો ઉદ્ભવ _____માં વીસમી સદીના પ્રારંભમાં થયો.
(A) ફ્રાંસ (B) જર્મની (C) ગુજરાત (D) અમેરિકા

7. ગ્રામીણ સમાજશાસ્ત્રનો સ્વરૂપની દ્રષ્ટિએ વિચાર કરતા ગ્રામીણ સમાજશાસ્ત્ર કેવું વિજ્ઞાન છે ?
(A) માત્ર શુદ્ધ વિજ્ઞાન (B) માત્ર વ્યવહારલક્ષી (C) શુદ્ધ અને વ્યવહારલક્ષી (D) એક પણ નહીં

8. " ભારતમાં ગ્રામીણ સમાજશાસ્ત્રનો પરિચય "- 1949 નામનું અંગ્રેજી પુસ્તક કોણે પ્રસ્તુત કર્યું ?
(A) ડૉ. અક્ષયકુમાર દેસાઈ (B) પ્રો. ચિતાંબર (C) ડૉ.એસ.સી.દુબે (D) સોરોકીન

9. ગ્રામીણ સમાજશાસ્ત્રનો પરિચયાત્મક ગ્રંથ, " Introductory Rural Sociology "- 1973 માં કોણે પ્રસિદ્ધ કર્યો ?
(A) ડૉ. અક્ષયકુમાર દેસાઈ (B) પ્રો. ચિતાંબર (C) ડૉ.એસ.સી.દુબે (D) સોરોકીન

10. ભૂમિસુધારણા માટે સ્વૈચ્છિક સંગઠનો દ્વારા થયેલા પ્રયાસોમાં _____ ની ભૂદાન અને ગ્રામદાન ચળવળ નોંધપાત્ર છે.
(A) ગાંધીજી મહાત્મા (B) વિનોબા ભાવે (C) રવિશંકર મહારાજ (D) જ્યોતિબા ફૂલે

11. જ્ઞાતિ જેવા વિભિન્ન આડા સ્તરોનું બનેલું ઊભું સંગઠન એટલે _____ ?
(A) ગ્રામીણ સમુદાય (B) શહેરી સમુદાય (C) રાષ્ટ્રીય સમુદાય (D) નગર સમુદાય

12. નીચેનામાંથી પરંપરાગત જ્ઞાતિસંસ્થાનું લક્ષણ નથી ?
(A) ખંડવિભાજન (B) કોટીક્રમ (C) સામાજિક ગતિશીલતાનું પ્રમાણ વધુ (D) વંશાનુગત વ્યવસાય

13. ગ્રામીણ સમુદાયની વિભિન્ન જ્ઞાતિઓ વચ્ચેના વ્યાવસાયિક સેવા-સંબંધોને શું કહેવાય ?
(A) ઔપચારિક સંબંધો (B) કરારી સંબંધો (C) (A) અને (B) બંને (D) જજમાની વ્યવસ્થા

14. ગ્રામીણ કુટુંબની સામાન્ય લક્ષણો દર્શાવનાર વિદ્વાન ..... હતા.
(A) ડૉ.એમ.એન.શ્રીનિવાસન (B) ડૉ.આઈ.પી.દેસાઈ (C) એસ.સી.દુબે (D) ડૉ.અક્ષયકુમાર દેસાઈ

15. "વ્યક્તિગત હિતને ગૌણ ગણી કુટુંબના કલ્યાણનો સ્વીકાર અને પ્રાધાન્ય એટલે જ _____ ."
(A) વ્યક્તિવાદ (B) કુટુંબવાદ (C) જ્ઞાતિવાદ (D) નગરવાદ

16. બે કે ત્રણ પેઢીના અથવા તેથી વધુ પેઢીના સગાંઓનું બનેલું કુટુંબને _____ કહેવાય.
(A) વિભક્ત કુટુંબ (B) સયુંકત કુટુંબ (C) ભગ્ન કુટુંબ (D) શહેરી પરિવાર

17. કઈ સામાજિક સંસ્થા સ્ત્રી અને પુરૂષના જાતીય સંબંધોને સામાજિક અને કાનૂની સ્વીકૃતિ પ્રદાન કરે છે ?
(A) લગ્ન સંસ્થા (B) કુટુંબ સંસ્થા (C) ધર્મ સંસ્થા (D) આર્થિક સંસ્થા

18. ગ્રામીણ સમાજમાં સામાન્ય રીતે પતિ-પત્ની વચ્ચેનાં સંબંધોમાં _____નું પ્રાધાન્ય છે.
(A) સમાનતા (B) ઔપચારિકતા (C) સત્તા-તાબેદારી (D) ઉપરોક્ત એક પણ નહીં

19. ગ્રામીણ સમાજમાં સામાન્ય રીતે જીવનસાથીની પસંદગીમાં કઈ પ્રથાનું પ્રાધાન્ય હોય છે ?
(A) માતા-પિતા દ્વારા યોજિત લગ્ન (B) સ્વપસંદગી લગ્ન (C) આંતરજ્ઞાતિય લગ્ન (D) પ્રેમલગ્ન

20. જૈવિક તફાવતોને લીધે પુરૂષપ્રધાન સમાજમાં સામાજિક સ્થાનો,હક્કો,ભૂમિકા,બદલો અને તકોની અસમાન વહેંચણીને શું કહેવાય ?
(A) જ્ઞાતિ ભેદભાવ (B) લૈંગિક ભેદભાવ (C) પ્રત્યક્ષીકરણ (D) શૈક્ષણિક ભેદભાવ

21. _____ ના કાર્યક્રમો દ્વારા ગ્રામીણ સમાજમાં સ્ત્રીઓના વિકાસ પ્રત્યે લક્ષ આપવામાં આવે છે.
(A) સંસ્કૃતિકરણ (B) આધુનિકીકરણ (C) પ્રાથમિક જૂથો (D) સ્ત્રી – સશક્તિકરણ

22. કયા બંધારણીય સુધારાથી ભારતમાં ગ્રામીણ સમુદાયોમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની રચનાઓમાં એકરૂપતા લાવવામાં આવી છે ?
(A) 71 મો (B) 72 મો (C) 73 મો (D) 74 મો

23. કઈ કમિટીએ પંચાયતી રાજનું ત્રી-સ્તરીય માળખું ઊભું કરવાનું સૂચવ્યું હતું ?
(A) વિદ્યાસાગર શર્મા (B) એસ.કે.ડે. (C) બળવંતરાય મહેતા (D) પંચનંદીકર

24. કોણે પંચાયતી રાજને ' મહાન ક્રાંતિકારી પ્રયોગ ' તરીકે ઓળખાવેલ છે ?
(A) જવાહરલાલ નહેરૂ (B) મહાત્મા ગાંધીજી (C) સરદાર વલ્લભભાઈ પટેલ (D) બળવંતરાય મહેતા

25. સત્તાનું વિકેન્દ્રીકરણ ,લોકશાહી માર્ગે સામૂહિક વિકાસના કામો કરવાની સત્તા સંભાળતી લોકો દ્વારા ચૂંટાયેલી પંચાયતોની વ્યવસ્થા એટલે_____ .
(A)રાજ્યસભા (B) પંચાયતી રાજ (C) સંસદ (D) રાજ્ય વ્યવસ્થા

26. ગુજરાત સરકારે ' ગુજરાત પંચાયત ધારો-1993 ' ઘડીને ક્યારે અમલમાં મુક્યો ?
(A) 15 એપ્રિલ,1999 (B) 15 એપ્રિલ,1994 (C) 26 જાન્યુઆરી,1950 (D) 15 ઓગસ્ટ,1994

27. ગ્રામ પંચાયતના સભ્યોની સંખ્યા શેના આધારે નક્કી થાય છે ?
(A) ગામનું શિક્ષણ (B) ગામનો ધર્મ (C) ગામની જ્ઞાતિ (D) ગામની વસ્તી

28. કઈ પંચાયત ગ્રામ અને તાલુકા પંચાયતો પર નિયમન અને નિયંત્રણનું કાર્ય કરે છે ?
(A) જીલ્લા પંચાયત (B) ગ્રામ પંચાયત (C) તાલુકા પંચાયત (D) સર્વોચ્ચ અદાલત

29. પંચાયતી રાજના માળખામાં કઈ સંસ્થા પાયારૂપ છે ?
(A) ગ્રામ પંચાયત (B) તાલુકા પંચાયત (C) જીલ્લા પંચાયત (D) એક પણ નહીં

30. પંચાયતી રાજના માળખામાં કઈ સંસ્થા ગ્રામ પંચાયત અને જીલ્લા પંચાયત વચ્ચે કડીરૂપ સંસ્થા છે ?
(A) ગ્રામ પંચાયત (B) તાલુકા પંચાયત (C) જીલ્લા પંચાયત (D) એક પણ નહીં

31. સમુદાયમાં પરસ્પર સંબંધિત ઘટકજૂથોની સુગ્રથિત વ્યવસ્થાને _____ _____ કહેવાય.
(A) અસમાનતા (B) સામાજિક મૂલ્યો (C) સામાજિક સંગઠન (D) સામાજિક વિઘટન

32. જે સંગઠનનું રચનાતંત્ર પહેલેથી નક્કી કર્યું હોય અને આ રચનાતંત્ર અમુક નિશ્ચિત હેતુ સિદ્ધ કરવા માટે ગોઠવવામાં આવ્યું હોય તેવા સંગઠનને _____ સંગઠન કહેવાય.
(A) લાગણીશીલ (B) અનૌપચારિક (C) ભાવનાત્મક (D) ઔપચારિક

33. ગ્રામ પંચાયત,નગરપાલિકા,યુનીવર્સીટી,કારખાનું,બેંક,સહકારી મંડળી, હોસ્પિટલ, ન્યાયાલય , આર્મી વગેરે ક્યા સંગઠનના ઉદાહરણો છે ?
(A) અનૌપચારિક (B) ઔપચારિક (C) સાંસ્કૃતિક (D) એક પણ નહીં

34. ઔપચારિક સંગઠનનું કદ અનૌપચારિક સંગઠનની તુલનામાં _____ હોય છે.
(A) મોટું (B) નાનું (C) મધ્યમ (D) અસ્પષ્ટ

35. ક્યુ સંગઠન આપોઆપ ઉદ્ભવે છે,તે હેતુપૂર્વક રચવામાં આવતું નથી,તેમજ તેનું રચનાતંત્ર જડ હોતું નથી
(A) અનૌપચારિક (B) સરકારી (C) NGO (D) ઔપચારિક

36. કોના મતાનુસાર,.. " લાંબા સમયથી અસ્તિત્વ ધરાવતા કોઈ પણ ઔપચારિક સંગઠનોમાં અનૌપચારિક સંગઠનો રચાય છે."
(A) કેય (B) કયફિલ્ડ (C) સ્મેલ્સર (D) બેલેચી

37. ગ્રામસમુદાયમાં કુટુંબો,સગપણ જૂથો,બાળકોના રમતજૂથો,વૃદ્ધોના જૂથો,મૈત્રીલક્ષી જૂથો અને તડા જેવા સંગઠનોને _____ સંગઠનો કહેવાય.
(A) સરકારી (B) ઔપચારિક (C) અર્ધ સરકારી (D) અનૌપચારિક

38. ગ્રામસમુદાયમાં ગ્રામ પંચાયત,બેંક,શાળા,દવાખાનાં,સહકારી મંડળીઓ,ગ્રાહક સુરક્ષા સમિતિ,ગ્રામ શિક્ષણ સમિતિ વગેરે જેવા સંગઠનોને _____ સંગઠનો કહેવાય.
(A) તાત્વિક (B) ઔપચારિક (C) દાર્શનિક (D) અનૌપચારિક

39. ભારતમાં ગ્રાહક સુરક્ષા ધારો ક્યારે અમલમાં આવ્યો ?
(A) 1986 (B) 1947 (C) 1996 (D) 1950

40. 'સર્વોદય મંડળ ', 'સેવા', ' અવાજ ', ' ઉન્નતિ ' , ' આનંદી ' વગેરે _____છે.
(A) બિનસરકારી સંગઠનો (B) સ્વૈચ્છિક સંગઠનો (C) સ્વૈચ્છિક સંસ્થાઓ (D) ઉપરોક્ત તમામ

41. ગ્રામીણ સમાજની રચના અને કાર્યમાં થતા ફેરફાર એટલે _____ ?
(A) સામાજિક માળખું (B) જજમાની પ્રથા (C) ગ્રામીણ પરિવર્તન (D) સામાજિક રચનાતંત્ર

42. ભારતમાં જમીનદારી અને રૈયતવારી કોણે દાખલ કરી ?
(A) ભારત સરકારે (B) બ્રિટીશ સરકારે (C) દેશી રજવાડાઓએ (D) મુઘલ શાસકોએ

43. ગ્રામીણ સમાજના સામાજિક,આર્થિક,રાજકીય,કૌટુંબિક,ધાર્મિક,શૈક્ષણિક માળખાંમાં અને કાર્યોમાં થતા ફેરફારોને શું કહેવાય ?
(A) સંસ્કૃતિકરણ (B) જજમાની પ્રથા (C) ગ્રામીણ સ્તરરચના (D) ગ્રામીણ પરિવર્તન

44. સુધરેલાં બિયારણના ઉપયોગથી ઘનિષ્ઠ કૃષિ કાર્યક્રમ હેઠળ ઉત્પાદનમાં અપ્રિતમ વૃદ્ધિ થવા પામી જેને " _____ " નામ આપવામાં આવ્યું.
(A) હરિયાળી ક્રાંતિ (B) શ્વેત ક્રાંતિ (C) રાજકીય પરિવર્તન (D) ફ્રેંચ ક્રાંતિ

45. ગ્રામજનોના સામાજિક જીવનમાં ઈચ્છિત દિશાના સંખ્યાત્મક અને ગુણાત્મક ફેરફારોને શું કહેવાય ?
(A) ગ્રામીણ સ્તરરચના (B) ગ્રામીણ વિકાસ (C) ગ્રામીણ સામાજિક સંસ્થા (D) ગ્રામીણ જ્ઞાતિ

46. મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ એક્ટ ગેરન્ટી [MGNREGA] નો મુખ્ય હેતુ કયો ?
(A) શુદ્ધ પેયજળ આપવાનો (B) ગ્રામીણ વિસ્તારમાં વેતન રોજગારી આપવાનો
(C) સંપૂર્ણ સ્વચ્છતાનો (D) ગ્રામીણ વિસ્તારમાં પાકા રસ્તાનું જોડાણ આપવાનો

47. જમીન આધારિત દસ્તાવેજોની જાળવણી અને તેને અદ્યતન બનાવતો કાર્યક્રમ એટલે ..... કાર્યક્રમ.
(A) SGSY (B)વોટરશેડ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ (C) નેશનલ લેન્ડ રેકોર્ડ આધુનિકીકરણનો (D) વીસ મુદ્દાનો

48. 'સુવર્ણજયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના ' અંગ્રેજીમાં ક્યા ટૂંકા નામથી ઓળખાય છે ?
(A) SGSY (B) NREGA (C) SHG (D) MGNREGA

49. સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન અભિગમનું ઘડતર ક્યારે કરવામાં આવ્યું ?
(A) 1947 (B) 1950 (C) 2021 (D) 1999

50. પરંપરાગત ગ્રામીણ સમાજ _____ હતો.
(A) વ્યક્તિકેન્દ્રી (B) આધુનિક (C) સમૂહવાદી (D) વ્યક્તિવાદી